ગુજરાત પ્રાથમિક શિક્ષણ પરિષદ
સર્વ શિક્ષા અભિયાન મિશન (એસએસએએમ),
સેકટર નં. ૧૭, ગાંધીનગર – ૩૮૨ ૦૧૭.
ગુજરાત રાજય
ફોન નં. ૦૭૯ – ૨૩૨૩૫૦૬૯, ૨૩૨૩૪૯૩૯
ફેક્ષ નં. ૨૩૨૩૨૪૩૬ તારીખ – ૭/૫/૨૦૧૧

સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

## પરિપત્ર

બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણના અધિકાર અધિનિયમ – ૨૦૦૯ ની જોગવાઈઓ મુજબ શાળા કક્ષાએ શાળા વ્યવસ્થાપન સમિતિ (સ્કુલ મેનેજમેન્ટ કમિટિ)ની રચના કરવાનું સરકારશ્રી શિક્ષણ વિભાગના તા.૨૨/૦૩/૨૦૧૧ ના ઠરાવ ક્રમાંક પીઆરઈ–૧૨૯૫–૨૪૨૫–ક થી નકકી કરવામાં આવેલ છે. શાળા વ્યવસ્થાપન સમિતિ ૧૨ સભ્યોની બનાવવાનું ઠરાવવામાં આવેલ છે. જે અંગેની વિગતોની સરકારશ્રીના ઠરાવમાં સ્પષ્ટતા કરવામાં આવેલ છે. (સરકારશ્રીના ઠરાવની નકલ સામેલ છે.)

**શાળા વ્યવસ્થાપન સમિતિની રચના**

શાળા વ્યવસ્થાપન સમિતિની રચના માટે સીઆરસી કો.ઓર્ડિનેટરે આ કાર્યની શરૂઆત કરવાની રહેશે. તેઓશ્રીએ શાળાના આચાર્યને માર્ગદર્શન આપવાનું રહેશે. આ સમિતિની રચના અંગે મુખ્ય શિક્ષકે મુખ્ય ભુમિકા ભજવવાની રહેશે. સીઆરસી કો.ઓર્ડિનેટરે અને શાળાના આચાર્યએ આ સમિતિની રચનામાં સરકારશ્રીના ઠરાવમાં દર્શાવેલ સભ્યોનો સમાવેશ કરવાનો રહેશે. પ્રત્યેક સીઆરસી કો.ઓર્ડિનેટરે અને શાળાના આચાર્યએ આ સમિતિની રચના સરકારશ્રીના ઠરાવને અનુરૂપ થાય તે જોવાનું રહેશે. બીઆરસી કો.ઓર્ડિનેટર આ કામગીરી ઉપર સતત દેખરેખ રાખશે અને માર્ગદર્શન આપતા રહેશે.

જિલ્લાની તમામ પ્રાથમિક શાળાઓમાં શાળા વ્યવસ્થાપન સમિતિની રચના તા. ૨૦/૦૬/૨૦૧૧ સુધીમાં કરવાની રહેશે. સીઆરસી કો–ઓર્ડિનેટરે તેના હસ્તકની તમામ શાળાઓમાં શાળા વ્યવસ્થાપન સમિતિની રચના થઈ ગઈ છે તેવું પ્રમાણપત્ર બીઆરસી કો–ઓર્ડિનેટરને અને બીઆરસી કો–ઓર્ડિનેટરે તેના હસ્તકની તમામ શાળાઓમાં શાળા વ્યવસ્થાપન સમિતિની રચના થઈ ગઈ છે તેવું પ્રમાણપત્ર જિલ્લા પ્રોજેકટ કો–ઓર્ડીનેટરને અને જીલ્લા પ્રોજેકટ કો–ઓર્ડીનેટરે તેમના જીલ્લાની તમામ શાળાઓમાં શાળા વ્યવસ્થાપન સમિતિની રચના થઈ ગઈ છે તેવું પ્રમાણપત્ર સ્ટેટ પ્રોજેકટ ઓફીસને મોકલી આપવાનું રહેશે.

**બેંકમાં ખાતું ખોલાવવું**

શાળા વ્યવસ્થાપન સમિતિને સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત મળતી તમામ ગ્રાન્ટમાંથી (બાંધકામની પ્રવૃતિઓ સહિતની) જુદી જુદી પ્રવૃતિઓ હાથ ધરવા માટે નીચે જણાવેલ બે સભ્યોના નામે બેન્કમાં સંયુકત નામનું ખાતુ ખોલાવી નાણાંકીય વ્યવહાર કરવાનો રહેશે.

(૧) શાળા વ્યવસ્થાપન સમિતિના સભ્ય સચિવ જે શાળાના આચાર્ય હશે અથવા જયાં શાળાના આચાર્ય ન હોય ત્યાં શાળાના શ્રેયાંન શિક્ષક

(૨) બાળકોના માતા–પિતા કે વાલીઓમાંથી નિયુકત થયેલ મહિલા સભ્ય

આ સંયુકત ખાતુ School Management Committee ( Name of School ) શાળાના નામે ખોલાવવાનું રહેશે. જિલ્લા ખાતે ફાળવવાની થતી ગ્રાન્ટ અંગે ઈ–ટ્રાન્સફરમાં સુગમતા રહે તે માટે આ ખાતુ કઈ નેશનલાઈઝડ બેંકમાં ખોલાવવું તે અંગેનું માર્ગદર્શન જીલ્લા પ્રોજેકટ કો–ઓર્ડીનેટર આપશે. આ ખાતું નેશનલાઈઝ બેંકમાં ખોલાયેલું છે તેની તકેદારી સીઆરસી કો.ઓર્ડિનેટરે રાખવાની રહેશે. હાલમાં ગ્રામ્ય શિક્ષણ સમિતિના તમામ ખાતાઓ બંધ કરી અને તેમાં રહેલી રકમ શાળા વ્યવસ્થાપન સમિતિના નવા ખોલવામાં આવેલ ખાતાઓમાં જમા કરાવવાની રહેશે.

સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત વર્ષ ૨૦૧૧–૧૨ની શાળાકક્ષાએ આપવાની થતી તમામ ગ્રાન્ટ તેમજ બાંધકામની તમામ ગ્રાન્ટ શાળા વ્યવસ્થાપન સમિતિના ખાતામાં જમા કરાવી આ કામગીરી શાળા વ્યવસ્થાપન સમિતિ મારફત કરાવવાની રહેશે.

હાલમાં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત ગ્રામ્ય બાંધકામ સમિતિ ધ્વારા જે કામો ચાલી રહયા છે તે હયાત ગ્રામ્ય બાંધકામ સમિતિ ધ્વારા પૂરા કરી અને કામ પૂર્ણ થયે ગ્રામ્ય બાંધકામ સમિતિનું ખાતુ બંધ કરાવવાનું રહેશે અને તેઓના ખાતામાં રહેલ બચત અને વ્યાજની રકમ જિલ્લા પ્રોજેકટ કો–ઓર્ડિનેટરને પરત કરીને જાણ કરવાની રહેશે.

**સર્વ શિક્ષા અભિયાન સીવાયની ગ્રાન્ટ માટે અનુસરવાની પધ્ધતિ**

સર્વ શિક્ષા અભિયાન સિવાયની ગ્રાન્ટ જેવી કે નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ, આંગણવાડી, મધ્યાહન ભોજન યોજના વિગેરે યોજનાઓમાં મળતી ગ્રાન્ટ માટે School Management Committee-Education (Name of School) નું ખાતુ અલગથી ખોલાવી અને વર્ષ ૨૦૧૧–૧૨ થી મળતી આ કામો માટેની ગ્રાન્ટનો અમલ પણ શાળા વ્યવસ્થાપન સમિતિ ધ્વારા કરવાનો રહેશે. જે કામો ચાલુ છે તે પૂર્ણ થાય ત્યાં સુધી ગ્રામ્ય બાંધકામ સમિતિ ચાલુ રહે અને કામો પૂર્ણ થયા બાદ ગ્રામ્ય બાંધકામ સમિતિનું ખાતુ બંધ કરવાનું રહેશે અને બચત અને વ્યાજની રકમ જિલ્લા પ્રોજેકટ કો–ઓર્ડિનેટરને પરત કરીને જાણ કરવાની રહેશે.

ઉપરોકત પરિપત્રનો અમલ તાત્કાલિક ધોરણે કરવાનો રહેશે.

સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર
એસએસએ મિશન, ગાંધીનગર

**નકલ રવાના :**

- ઓઆઈસી – એસપીઓ– તમામ.
- જિલ્લા પ્રોજેકટ કો–ઓર્ડિનેટરશ્રીઓ – તમામ, આ પરિપત્રની જાણ આપના જિલ્લાના તમામ બીઆરસી તેમજ સીઆરસી કો–ઓર્ડિનેટરોને કરવાની રહેશે.
- જિલ્લા પ્રોજેકટ ઈજનેરશ્રીઓ – તમામ.
- જિલ્લા એકાઉન્ટ ઓફિસરશ્રી–તમામ